**રજા પ્રવાસ રાહતના બ્લોકની મુદત લંબાવવા અંગે.**

ગુજરાત સરકાર,
**નાણાં વિભાગ**
પરિપત્ર ક્રમાંક- મસભ-૧૦૯૯-૧૨૫૩-ચ,
સરદાર પટેલ ભવન, સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૧૧ મી ઓકટોબર-૧૯૯૯.

પ રિ પ ત્ર :-

રાજય સરકારના કર્મચારીઓને પોતાના વતન જવા-આવવા માટે વતન પ્રવાસ અંગે રાહત આપવા તા. ૧૫-૧૦-૬૬ ના ઠરાવ ક્રમાક- મસભ-૨૧૬૬-૪૨૮૯-જ અન્વયે જરુરી હુકમો કર્યા છે. તેમાં દર્શાવ્યા મુજબ દર બે વર્ષે એક વાર વતન પ્રવાસનો લાભ મળી શકે છે. આમાં બે વર્ષનો બ્લોક ૧૯૬૬-૬૭ થી શરુ થયો છે અને હાલ ૧૯૯૮-૯૯ નો બ્લોક ચાલુ ગણાય.

આ જ રીતે દર ચાર વર્ષે એક વાર રજા પ્રવાસ રાહત (એલ.ટી.સી.) આપવા અંગે તા.૧૨-૮-૮૦ ના ઠરાવ ક્રમાંક- મસભ-૨૧૮૦-૮૬૮-જ અન્વયે જરુરી હુકમો કર્યા છે. આમા ચાર વર્ષનો બ્લોક ૧૯૮૦-૮૩ થી શરુ થયો હતો અને હાલ ૧૯૯૬-૯૯ નો બ્લોક ચાલુ છે. આ બાબતે નાણા વિભાગને સચિવાલયના વહીવટી વિભાગો તેમજ ઘણી કચેરીઓ ધ્વારા ચાર વર્ષના બ્લોકની મુદત વધારવા અંગે લેખિતમાં તેમજ ટેલિફોન ધ્વારા માર્ગદર્શન /પૃચ્છાઓ કરવામાં આવે છે. આ બાબતે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

ઉપરોકત તા. ૧૫-૧૦-૬૬ ના ઠરાવની શરત ક્રમાંક- ૧૨ અન્વયે વતન પ્રવાસ રાહતના બ્લોક વર્ષ દરમ્યાન કોઇ કર્મચારી તેનો લાભ લઇ શકે નહિ તો તે પછીના બ્લોક વર્ષના પ્રથમ વર્ષ દરમ્યાન આ લાભ લઇ શકે છે. આ સ્થાયી પ્રકારની સૂચનાઓ છે. અને મુદત વધારવા અંગે દરેક બ્લોક વર્ષ માટે કોઇ અલગ હુકમો કરવાના રહેતા નથી. દા.ત.૧૯૯૮-૯૯ ના વર્ષ દરમ્યાન લાભ ન લીધો હોય તો તે પછીના બ્લોકના પ્રથમ વર્ષ એટલે કે તા.૩૧-૧૨-૨૦૦૦ સુધી કર્મચારી વતન પ્રવાસ રાહતનો લાભ લઇ શકે છે. આ પ્રમાણેનો લાભ દરેક બ્લોક માટે ગણવાનો રહે છે.

રજા પ્રવાસ રાહત અંગે પણ અન્ય શરતો ઉપર દર્શાવેલ તારીખ: ૧૫-૧૦-૬૬ ના ઠરાવ અનુસાર રહેતી હોઇ શરત ક્રમાંક-૧૨ મુજબ કોઇ કર્મચારી રજા પ્રવાસ રાહતના ચાર વર્ષના બ્લોક દરમ્યાન લાભ લઇ શકે નહિ તો તે પછીના બ્લોકના પ્રથમ વર્ષ દરમ્યાન રજા પ્રવાસ રાહતનો લાભ મળી શકે છે. દા.ત. રજા પ્રવાસ રાહતનો ચાર વર્ષનો હાલનો બ્લોક ૧૯૯૬-૯૯ નો છે. જો કર્મચારી આ બ્લોકમાં રજા પ્રવાસ રાહતનો લાભ લઇ શકે નહિ તો તે પછીના બ્લોકના પ્રથમ વર્ષ એટલે કે તા. ૩૧-૧૨-૨૦૦૦ સુધી આ બ્લોકનો લાભ લઇ શકે છે. આ જ પ્રકારનો લાભ તે પછીના દરેક બ્લોક માટે મળવાપાત્ર ગણવાનો રહેશે.

આથી સચિવાલયના સર્વે વિભાગો / ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓને ઉપર્યુકત સ્પષ્ટતાઓ સર્વે કર્મચારીઓના ધ્યાન ઉપર લાવવા વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એમ.એચ.સૈયદ,**
સેકશન અધિકારી
નાણાં વિભાગ.

પ્રતિ,

- ★ માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- ★ માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- માન.મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- ★ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- ★ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- ★ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- ★ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- ★ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- ★ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલ(એ.એન્ડ.ઇ.) ગુજરાત, રાજકોટ,અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ(ઓડિટ) ગુજરાત, રાજકોટ,અમદાવાદ.
- મુકામ તપાસણી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
- પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, અમદાવાદ/ સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકો.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીઓ
- નાણા વિભાગની સર્વે શાખાઓ/ સર્વે અધિકારીશ્રીઓ.
- "બ" ૦[illegible] હેચણી.

---

★ પત્ર ધ્